# હિસાબ નિયામકશ્રીની કચેરી

NAVSARI AGRICULTURAL UNIVERSITY

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

**યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦**

**ખાસ અગત્યનું/સમય મર્યાદા**

## પરિપત્ર

**માઈનસ ગ્રાન્ટ સરભર કરવા બાબત.**

નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ કચેરી અને યોજનાઓના વડાશ્રીઓ, નિયંત્રણ અધિકારીશ્રીઓ તેમજ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, અત્રેની કચેરીના તિજોરી વિભાગમાં ઘણી કચેરીઓના જુદીજુદી યોજનાઓના માઈનસ ગ્રાન્ટ વાળા બીલ પાસીંગ અર્થે રજુ કરવા પહેલા બીલો પાસ કરાવવા માટે જે તે કચેરી તરફથી **વર્ષના અંતે જે તે ફંડિંગ એજન્સી તરફથી માઈનસ ગ્રાન્ટ મેળવી લેવાની તેમજ જે તે કચેરીના રીવોલ્વીંગ સદરે બચત રહેલ ફંડ માંથી માઈનસ રહેલ ગ્રાન્ટ સરભર કરી લેવાની શરતે ઓનલાઈન URP સોફ્ટવેર મારફત પ્રોજેક્ટ ઇન્ચાર્જશ્રીની, નાણાં ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીની તેમજ કચેરી વડાશ્રીની ભલામણ અને સક્ષમ કક્ષાની MEA (Minus Expenditure Approval) અર્થેની મંજુરી** મેળવી અત્રેની કચેરીની તિજોરી શાખામાં રજુ કરવામાં આવે છે. જે ભલામણો અને મંજૂરીઓને ધ્યાને રાખી યોજના ના હેતુઓ સમયમર્યાદામાં સિદ્ધ થઇ શકે તે માટે માઈનસ ગ્રાન્ટ વાળા બીલો પાસ કરવામાં આવે છે.

ઉપરોક્ત બાબતે જે કચેરીઓ દ્વારા જુદીજુદી યોજનાઓમાં ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં માઈનસ ગ્રાન્ટના બીલો પાસ કરાવવામાં આવ્યા છે, એવી યોજનાઓની ફંડિંગ એજન્સી પાસેથી ઘટતી વધારાની ગ્રાન્ટ **તા. ૨૫/૦૩/૨૦૨૬ પહેલા મેળવી માઈનસ ગ્રાન્ટ સરભર કરાવવાની રહેશે**. જો માઈનસ રહેલ ગ્રાન્ટ જે તે ફંડિંગ એજન્સી પાસેથી મેળવી સરભર ન કરાવવામાં આવશે તો જે તે કચેરીના **રીવોલ્વીંગ સદરે બચત રહેલ ફંડ માંથી સરભર કરવા અંગેની દરખાસ્ત** યોગ્ય કારણો સાથે કચેરી વડાશ્રીના સહી સિક્કા કરી જે તે યોજનાના વડાશ્રીની ભલામણ મેળવી આ કચેરીને **તા. ૨૫/૦૩/૨૦૨૬** ના રોજ સાંજે **૧૮:૦૦** કલાક સુધીમાં પહોચતી કરવા જણાવવામાં આવે છે. અન્યથા આવનાર નવા **નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭** માં **ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬** માં માઈનસ ગ્રાન્ટ રહેલ હોઈ એવી કચેરીના કોઈપણ યોજનાઓના **બીલો પાસ કરવામાં આવશે નહીં.**

વધુમાં, આજદિન થી કોઈપણ પ્રકારના બીલો માટે **MEA (Minus Expenditure Approval) ની મંજુરી આપવામાં આવશે નહીં જેની સર્વે ખાસ નોંધ લેવી.**

**જા.નં. નકૃયુ/હિનિ/કંટ્રોલ/બજેટ/૬૨૭/૨૦૨૬**
**નવસારી, તા. ૦૨/૦૩/૨૦૨૬**

**હિસાબ નિયામક**

**નકલ સવિનય રવાના (e-પરિપત્ર દ્વારા):-**

(૧) અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.
(૨) અત્રેની યુનિવર્સિટીના તમામ કચેરી અને યોજનાઓના વડાશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
(૩) અત્રેની યુનિવર્સિટીના તમામ યોજનાઓના નિયંત્રણ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
(૪) અત્રેની યુનિવર્સિટીના તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
(૫) અત્રેની યુનિવર્સિટીના માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ જાણ સારૂ.

**નકલ રવાના (e-પરિપત્ર દ્વારા):-**

અત્રેની યુનિવર્સિટીના વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રી તરફ જાણ તથા અમલ થવા સારૂ.

Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.